સંક્ષિપ્ત સમાચાર

ઉચ્છલના બાબરઘાટ ગામમાં ગામનાં જ બે જૂથ બાખડ્યાં, સાતને ઇજા

વ્યારા: ગત તા.13-1-2026ના રોજ સાંજના 5 વાગ્યાથી રાત્રિના 10.15 વાગ્યા દરમિયાન બાબરઘાટ ગામે પેટ્રોલ પંપ પાસે આવેલ ચાની દુકાન નજીક જમીન ખેડવા બાબતે બે પક્ષ વચ્ચે મારામારીનો કિસ્સો બન્યો હતો. જેમાં પથ્થર અને લાકડા સહિત લોખંડનાં સળિયા વડે મારામારી થતા બંને પક્ષે સાત જેટલા લોકો ઘાયલ થયા હતા. સમગ્ર ઘટનાને લઈ ઉચ્છલ પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ લેવામાં આવી હતી. જેમાં ફૂલસિંગ જાન્યા વસાવા (ઉ.વ.63) નામના ફરિયાદીએ 8 લોકો સામે ફરિયાદ આપી છે. જ્યારે વિવેક ઉર્ફે વીકી મુરલીધર પાડવી (ઉ.વ.32) નામના ફરિયાદીએ 10 જેટલા લોકો સામે ફરિયાદ આપતાં પોલીસ દ્વારા બંને પક્ષ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

તાતીથૈયામાં બીમારી બાદ મહિલાનું મોત

પલસાણા: મૂળ ઉત્તરપ્રદેશના દેવરિયા જિલ્લાના વતની અને હાલ તાતીથૈયા ખાતે રહેતા શૈલેન્દ્રભાઇ ગુપ્તાનાં પત્ની પૂજાબેન (ઉ.વ.૩૬) છેલ્લા ચાર-પાંચ દિવસથી બીમાર હતાં. ગત ૧૪મી જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે તેમની તબિયત વધુ લથડતાં પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે સંજીવની હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેમને મૃત જાહેર કર્યાં હતાં.

વ્યારાના સરૈયા પાસે કચરા ગાડીને અકસ્માત નડ્યો

વ્યારા: વ્યારાના સરૈયા પાસે સ્વચ્છતા મિશન અંતર્ગત ફાળવાયેલી કચરા ગાડીને ગત બુધવારે મોડી સાંજે અકસ્માત નડ્યો હતો. કચરા ગાડીના ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ઇલેક્ટ્રિક કચરા ગાડી રોડ પરથી નીચે ઊતરી ગઈ હતી અને ઝાડી-ઝાંખરામાં ફસાઈ ગઈ હતી. સદ્નસીબે કચરા ગાડીમાં સવાર બે લોકો હેમખેમનો બચાવ થયો હતો. જો કે, રોડ ઉપરથી નીચે ઊતરી જતાં કચરા ગાડીને નાનું મોટું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું હતું. તેમજ મોડી સાંજે કચરા ગાડી ક્યાં જઈ રહી હતી તેને લઈને અનેક સવાલો ઊઠ્યા હતા.

સોનગઢમાં બાઈક અડફેટે શ્રમિક યુવકનું મોત

સોનગઢ: મૂળ આહવાના ગાડવી ગામના વતની દિનેશભાઈ રમેશભાઈ પવાર (ઉ.વ.30) ખેરવાડા ગામે એર મહિનાથી શેરડી કાપણી માટે આવ્યા હતા. ગત ૧૪ જાન્યુઆરીએ રાત્રે આઠેક વાગ્યે દિનેશભાઈ ખેરવાડા ગામે દુકાને જવા નીકળ્યા હતા. દરમિયાન ખેરવાડાથી મગતરા તરફ જતા રોડના પુલિયા પાસે એક FZ મોટરસાઈકલ નં.(GJ-26-K-0058)ના ચાલકે તેમને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં દિનેશભાઈને કપાળ, હાથ-પગ અને પેટના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. આથી ગંભીર હાલતમાં તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા માંડવી સરકારી હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

તડકેશ્વરમાં ટેન્કર ચાલકે બાઈકને ટક્કર મારતાં એકનું મોત, એકને ગંભીર ઈજા

હિતેશ પટેલ

માંડવી: તડકેશ્વરની ઘરી કંપનીના ગેટ પાસે રોડના કટ ઉપરથી એક અજાણ્યો ટેન્કર ચાલક પોતાનું વાહન પૂરઝડપે હંકારી આવી રહ્યો હતો. દરમિયાન તેણે સ્પ્લેન્ડર બાઇક નં.(જી જે-૧૯-બીક્યુ-૫૪૭૫)ને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દિવ્યાંગ મુકેશ ચૌધરી (રહે.,સેલારપુર, તા.માંગરોળ)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય એકને પગના ભાગે ઇજા પહોંચતાં તેને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતની જાણ થતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આગળની તપાસ શરૂ કરી છે. તડકેશ્વર ગામે અવરનવર છ વખત અકસ્માતો સર્જાયા છે, જેના કારણે કેટલાય લોકો ઈજાગ્રસ્ત થયા છે. એ જ જગ્યાએ બીજા દિવસે ફરી અકસ્માત સર્જાતા એક વ્યક્તિને પગમાં ફ્રેક્ચર થવાનો બનાવ બન્યો હતો.

તાતીથૈયા પાસે ટ્રેન અડફેટે આવતાં યુવાનનું મોત

પલસાણા: જોળવા ખાતે આવેલ નીલકંઠ પેલેસમાં રહેતા વિક્રમસિંઘ રામાધીન રાજપુત (ઉ.વ.૩૧) ગત તા.૧૪/૧/૨૦૨૬ના રોજ સાંજે ૪:૨૫ વાગ્યાના અરસામાં તાતીથૈયા રેલવે ટ્રેક પાસેથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન મહાદેવ-૨ રેસિડેન્સી અને કેપિટલ સ્કૂલની પાછળ, સુરત જતી અપલાઇન ઉપર નંદુરબારથી સુરત તરફ જતી ટ્રેન અડફેટે આવી ગયા હતા. ટ્રેનની જોરદાર ટક્કર વાગતાં વિક્રમસિંઘને શરીરે ગંભીર ઇજા પહોંચી હતી, જેના કારણે તેમનું ઘટના સ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

સોનગઢના આમલીપાડા ગામમાં ખેતરમાં આગ

સોનગઢ: સોનગઢના આમલીપાડા સાવર ફળિયામાં બપોરે આશરે 12:30 વાગ્યે ખેતરમાં ઘાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આગની જાણ થતાં આમલીપાડા ગ્રામ પંચાયતના સરપંચ વિનેશભાઈ ગામીત દ્વારા સોનગઢ નગરપાલિકાના ફાયર વિભાગમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધ્યક્ષ રણછોડભાઈ ગામીતને તેમજ ફાયર કર્મચારી પ્રવીણભાઈ સોનવણેને તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. જાણ થતાં જ સોનગઢ નગરપાલિકાની ફાયર ટીમ બાઉઝર સાથે ઘટના સ્થળે સમયસર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી લીધો હતો.

ભજન કરવા જતાં મેરાના કાકા-ભત્રીજાને અકસ્માત

હથોડા: લીંબાડાથી વેલાછા રોડ પર રોંગ સાઇડ આવતી બાઇકે અડફેટે લેતાં બાઇકસવાર કાકા-ભત્રીજાને ઇજા પહોંચી હતી. સુરત ગ્રામ્યના કોસંબા પોલીસ સ્ટેશનમાં આ બાબતે ફરિયાદ નોંધાઈ હતી.

ભરૂચના વાલિયાના મેરા ગામના કૂવા ફળિયાના રહેવાસી છોટુભાઈ રવજીભાઈ વસાવા અને તેમના ભત્રીજા હરેશભાઈ પોતાની મોટરસાઈકલ નં.(GJ-16-BJ-2092) પર ગત તા.13મીએ વેવંજા ગામે ભજનના પ્રોગ્રામમાં જઈ રહ્યા હતા. દરમિયાન કાઠિયાવાડી ફાર્મ પાસે સામેથી પૂરઝડપે અને રોંગ સાઈડે આવતી એક સ્પ્લેન્ડર મોટરસાઈકલ નં.(GJ-22-N-4657)ના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં છોટુભાઈને ડાબા પગે ઈજા થઈ હતી અને પાંચ ટાંકા આવ્યા હતા, જ્યારે તેમના ભત્રીજા હરેશને મોંના ભાગે તથા હાથ-પગમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરતાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક કોસંબાની આરફ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી ગંભીર હાલત જોતાં તેમને વધુ સારવાર માટે સુરતની નવી સિવિલ અને કિરણ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે. આ ઘટના અંગે કોસંબા પોલીસે સ્પ્લેન્ડર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે

બારડોલી હાઈસ્કૂલમાં સત્તાનો જંગ

બી.એ.બી.એસ. હાઈસ્કૂલના વિવાદમાં એક જૂથે શાળાના પ્રવેશદ્વાર પર કાળા દુપટ્ટા પહેરી વિરોધ નોંધાવ્યો

બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું

બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલનો વિવાદ વધુ ને વધુ વકરી રહ્યો છે. ચેરિટી કમિશનરના આદેશ બાદ દેવર્ષી જોશી અને અજય અધ્વર્યુનું જૂથ સત્તામાં બેસતા જ સામેના જૂથે ગુરુવારના રોજ સંસ્થાના પ્રવેશદ્વાર પર કાળા દુપટ્ટા પહેરી કથિત તાનાશાહી સામે ઉગ્ર વિરોધ નોંધાવી સૂત્રોચ્ચાર કર્યા હતા. વિરોધ પ્રદર્શન બાદ સમગ્ર બારડોલી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પણ સુપરત કરવામાં આવ્યું હતું.

આવેદનપત્રમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, બારડોલી એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત આ હાઈસ્કૂલ સરકારી ગ્રાન્ટ અને જનતાના સહયોગથી બનેલી છે, જેમાં હાલમાં સત્તા પચાવી પાડવાનું ષડયંત્ર ચાલતું હોવાનો આરોપ મુકાયો છે. આવેદન પત્રમાં જણાવ્યા અનુસાર બારડોલી પ્રદેશના લોકોના આર્થિક સહયોગથી બનેલી આ સંસ્થામાં છેલ્લા કેટલાક સમયથી 'બિન-લોકશાહી' પદ્ધતિથી વહીવટ ચાલી રહ્યો છે. આરોપ છે કે કેટલાક હિત ધરાવતાં જૂથોએ સત્તા મેળવવાના બદઈરાદે મનસ્વી રીતે નવા સભ્યોની ભરતી કરી છે. માત્ર એક માસના ટૂંકા ગાળામાં, કોઈ પણ યોગ્યતા ચકાસ્યા વગર માત્ર રૂ.૧૦૦૦ જેવી નજીવી રકમ લઈ અનેક લોકોને 'પેટ્રન સભ્યો' બનાવી દેવામાં આવ્યા છે. આ પ્રક્રિયા પાછળનો હેતુ ચૂંટણીમાં આભાસી બહુમતી ઊભી કરી સંસ્થાનો વહીવટ હસ્તગત કરવાનો હોવાનું જણાય છે.

વધુમાં જણાવાયું છે કે, અમુક સભ્યોએ પોતાની વગનો ઉપયોગ કરી સંયુક્ત ચેરિટી કમિશનર સમક્ષ ખોટી રજૂઆતો કરી એકતરફી મનાઈ હુકમ મેળવ્યો છે. આ હુકમના આધારે સંસ્થાના મૂળ દાતાઓ, કાયમી સભ્યો અને વર્ષોથી જોડાયેલા કારોબારી સભ્યોને વહીવટથી દૂર રાખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. અરજદારોએ આશંકા વ્યક્ત કરી છે કે આ પ્રકારના ગેરકાયદે વહીવટથી સંસ્થાને મળતી સરકારી ગ્રાન્ટ અને ફંડનો દુરુપયોગ થઈ શકે છે. આવેદનકર્તાઓએ માંગ કરી છે કે, સંસ્થાના બંધારણ મુજબ ૩૧ માર્ચ-૨૦૨૫ સુધીના કાયદેસરના રજિસ્ટર સભ્યોને જ મતાધિકાર આપવામાં આવે અને તાજેતરમાં કરવામાં આવેલી શંકાસ્પદ સભ્ય નોંધણીની ઊંડી તપાસ કરવામાં આવે. જો યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી દિવસોમાં આ વિવાદ વધુ વકરે તેવી શક્યતા છે. આ ઉપરાંત વકીલ ગૌતમ વ્યાસ અને બારડોલી નગરપાલિકાના માજી પ્રમુખ અને સંસ્થાના કારોબારી સભ્ય દિનેશ દેસાઈ પણ સક્રિય રીતે જોડાયા હતા.

ફરી અરજી દાખલ: આગામી દિવસોમાં સુનાવણી થાય તેવી સંભાવના

બી.એ.બી.એસ. હાઈસ્કૂલનો સમગ્ર મામલો ચેરિટી કમિશનરમાં ચાલી રહ્યો હતો, જેમાં ચેરિટી કમિશનરે પ્રમુખ હમસુખ પટેલ અને મંત્રી વ્યોમ પાઠકને સત્તા પરથી દૂર કરી દેવર્ષી જોશી અને અજય અધ્વર્યુનું જૂથને વહીવટી કરવાની સત્તા સોંપી હતી. આ મામલે હસમુખ પટેલ અને વ્યોમ પાઠક જૂથ હાઇકોર્ટમાં ગયા હતા અને ત્યાં પણ તેમની અરજી ફગાવી દેવામાં આવી હતી. આથી ફરી વખત ચેરિટી કમિશનરમાં અરજી દાખલ કરી છે. જે આગામી દિવસોમાં સુનાવણી થાય તેવી સંભાવના છે.

ઉમરા ગામે દીવાલ બનાવતા કારીગર ઉપર ભૂંડનો હુમલો

ભૂંડે પગની પાની ફાડી નાંખી, કારીગરને હોસ્પિટલ ખસેડાયો

મેહુલ પટેલ

અનાવલ: અંબિકા તાલુકાના ઉમરા ગામે કમ્પાઉન્ડ વોલ બનાવતા એક કારીગર પર જંગલી ભૂંડે હુમલો કરતાં ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત કારીગરને તાત્કાલિક સારવાર માટે બારડોલીની સરદાર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ ઉમરા ગામના પલાટ ફળિયામાં રહેતા નિલેશ રમણ પટેલ પોતે કમ્પાઉન્ડ વોલનું ફેન્સિંગ કામ કરી ગુજરાન ચલાવે છે. ગત રોજ ગામના રહેવાસી કેસુર મગન પટેલના ખેતરમાં ફેન્સિંગ દીવાલ બનાવવાની કામગીરી ચાલી રહી હતી. બપોરના અંદાજે ૧ વાગ્યાના સમયે નિલેશ પટેલ કુદરતી હાજતે ખેતરાડીમાં ગયા હતા. દરમિયાન અચાનક આવી ચડેલા જંગલી ભૂંડે તેમના પર હુમલો કર્યો હતો અને પગની પાની ફાડી નાંખતા ગંભીર ઈજા પહોંચી હતી.

હુમલા બાદ તેમને તાત્કાલિક સારવાર માટે બારડોલીની સરદાર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરો દ્વારા પગમાં ઓપરેશન કરવાની જરૂર હોવાનું જણાવવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે ઈજાગ્રસ્ત શ્રમજીવી અને તેનો પરિવાર ભારે ચિંતામાં મુકાયો છે. આ બનાવ બાદ સ્થાનિક લોકોએ વનવિભાગ સામે માંગ ઉઠાવી છે કે જંગલી પ્રાણીઓના વધતા હુમલાઓ રોકવા યોગ્ય પગલાં લેવાય તેમજ ઈજાગ્રસ્ત કારીગરને વનવિભાગ તરફથી તાત્કાલિક સહાય અને યોગ્ય વળતર આપવામાં આવે.

ડાઈંગ મશીનનું ગરમ કેમિકલયુક્ત પાણી ઊડતાં બે કામદાર ઘાયલ

મોટા બોરસરાની ફેક્ટરીમાં મશીનનું ઢાંકણું ખોલતી વેળા ઘટના બની

હથોડા: માંગરોળ તાલુકાના મોટા બોરસરા નવાપરા સ્થિત 'ગાર્નેટ ટેક્સ' કંપનીમાં પ્લાન્ટમાં ડાઈંગ મશીનનું ઢાંકણું પ્રેશર સાથે અચાનક ખુલી જતાં તેમાં રહેલું ઉકળતું કેમિકલયુક્ત ગરમ પાણી ઊડતાં બે શ્રમજીવી યુવાન ગંભીર રીતે દાઝી ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ ફેક્ટરીમાં હેલ્પર તરીકે કામ કરતા ૨૦ વર્ષીય રોહનભાઈ ફુલસિંહભાઈ વસાવા અને અનિકેત રાજુભાઈ ગાયકવાડ પ્લાન્ટમાં યાનનો માલ બહાર કાઢવાની પ્રક્રિયા કરી રહ્યા હતા. આ સમયે ડાઈંગ મશીનનો સેફ્ટી વાલ્વ ખોલતી વખતે પ્રેશર વધી જતાં અચાનક મશીનનું ઢાંકણું ખૂલી ગયું હતું. મશીનમાંથી ઉછળેલા ગરમ પાણીના કારણે રોહન વસાવા આખા શરીરે સખત રીતે દાઝી ગયો હતો. જ્યારે અનિકેત ગાયકવાડને છાતીના ભાગે ઈજા પહોંચી હતી.

બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જેમાં આખા શરીરે દાઝી ગયેલા રોહન વસાવાની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે. આ ઘટના અંગે પાલોદ પોલીસ ચોકીના પીએસઆઈ એ.ડી.ધાંધલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

ટ્રેક્ટરની ટક્કરે બાઈક ચાલક યુવકનું મોત

અંકલેશ્વર: અંકલેશ્વરના નવા ધંતુરિયા ગામનો 19 વર્ષીય કરણ મુકેશ વસાવા પોતાના મિત્ર આશિષ વસાવા તથા અક્ષય વસાવા સાથે બાઈક પર સારંગપુર મૂકવા જઈ રહ્યો હતો. ત્રણેય હાંસોટ રોડ પરથી અંકલેશ્વર તરફ આવી રહ્યા હતા. દરમિયાન કડકિયા કોલેજ પાસે શેરડી ભરેલા અજાણ્યા ટ્રેક્ટરના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. ટક્કરના કારણે ત્રણેય યુવકો રોડ પર પટકાયા હતા.અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલા કરણ વસાવા, આશિષ વસાવા અને અક્ષય વસાવાને તાત્કાલિક અંકલેશ્વરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે કરણ વસાવાને મૃત જાહેર કર્યો હતો. જ્યારે આશિષ અને અક્ષય વસાવાની સારવાર ચાલુ છે. અકસ્માતની જાણ થતાં અંકલેશ્વર શહેર 'એ' ડિવિઝન પોલીસ સ્થળ પર દોડી આવી હતી. પોલીસે મૃતક કરણ વસાવાના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આંબાપાણીમાં પૂર્ણા નદીના ચેકડેમમાં નાહવા જતાં આધેડનું મોત

વ્યારા: ગત તા.14-1-2026ના રોજ પરસુતભાઈ શાંતાભાઈ ગામીત (ઉ.વ.45) (રહે.,કરંજવેલ, મોટું ફળિયું, તા.વ્યારા) ઉત્તરાયણના દિવસે ડોલવણના આંબાપાણી ગામે અન્ય બે મિત્રો સાથે પૂર્ણા નદીમાં ચેકડેમમાં નાહવા ઊતર્યા હતાં. જ્યાં બે મિત્રો ચેક ડેમમાંથી નહાયને બહાર આવી ગયા હતા. જો કે, નાહવા ગયેલા પરસુતભાઈ ચેકડેમમાંથી બહાર ન આવતાં ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હોવાનું જાણવા મળતાં ભારે શોધખોળ બાદ પરસુતભાઈનો મૃતદેહ મળી આવ્યો હતો. જેને વ્યારા રેફરલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો અને કરંજવેલ ગામના યુવકની ફરિયાદ લઈ 45 વર્ષીય આધેડ પરસુતભાઈનું ચેકડેમના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં મોત થયું હોવાની ડોલવણ પોલીસે નોંધ લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ચેકડેમમાં ગરકાવ થઈ જનાર આધેડ પરસુતભાઈ પોતાના ઘરમાં અન્ય કોઈ ન હોવાથી છેલ્લા ઘણા સમયથી એકલવાયું જીવન જીવતો હતો.

ધીરખાડી ગામે કાચા ઘરમાં શોર્ટ સર્કિટથી આગ ભભૂકી

મકાન સહિત તમામ ઘરવખરી આગમાં ભસ્મીભૂત

રાજપીપળા: ગરુડેશ્વર તાલુકાના ધીરખડી ગામમાં રહેતા ઓલિયાભાઈ વસાવાના લાકડાના મકાનમાં અચાનક શોર્ટ સર્કિટથી ભીષણ આગ ફાટી નીકળી હતી. મકાન લાકડાનું હોવાથી આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં તમામ ઘરવખરી, રોકડ અને દાગીના બળીને ખાખ થઈ ગયાં હતાં. પશુઓને બચાવતી વખતે એક યુવક દાઝી જતાં તેને ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડાયો હતો. આ કપરી પરિસ્થિતિમાં સંવેદના દાખવી રાજપીપળાનાં ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે તાત્કાલિક તેમના ભાઈ ડો.રવિ દેશમુખ મારફતે પીડિત પરિવારને અનાજ, કપડાં અને રોકડ સહાય પહોંચાડી માનવતા મહેકાવી હતી.

વણેસામાં 1 માસથી આતંક મચાવતી દીપડી પાંજરે પુરાઈ

ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના વણેસા ગામના ભીમાડા ફળિયામાં છેલ્લા એક મહિનાથી આતંક મચાવનાર ૨.૫ વર્ષની માદા દીપડી આખરે વનવિભાગના પાંજરે પુરાઈ છે. આ દીપડી અવારનવાર રહેણાક વિસ્તારમાં આવી પશુઓનું મારણ કરતી હોવાથી ગ્રામજનોમાં ભારે ફફડાટ હતો. સ્થાનિક યુવાનો અને 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલફેર ટ્રસ્ટ'ની જાણકારી બાદ વનવિભાગના RFO સુધાબેન ચૌધરીના માર્ગદર્શન હેઠળ મારણ સાથે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. બુધવારે વહેલી સવારે દીપડી પાંજરે પુરાતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ઘટનાની જાણ થતા જ વનવિભાગની ટીમ અને પ્રાણી પ્રેમી સંસ્થા સ્થળ પર પહોંચી હતી. વનવિભાગે દીપડીનો કબજો મેળવી તેને સામાજિક વનીકરણ રેન્જ ઓફિસ ખાતે ખસેડી હતી, જ્યાંથી તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં મુક્ત કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

લુવારા ગામે સેન્ટિંગ પ્લેટો પરત કરવામાં મોડું થતાં શ્રમિક પર હુમલો

ભરૂચ: મૂળ દાહોદના ગરબાડાના નાંદવા ગામના વતની અને હાલ લુવારા ગામે સૂર્યોદય સોસાયટીમાં રહી સેન્ટિંગ કામ કરતા 35 વર્ષીય કમલેશભાઈ માનજીભાઈ ભુરાએ નબીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેમણે આજથી આશરે ત્રણ માસ પહેલા તેમની સાથે જ કામ કરતા મુકેશભાઈ ગનીયાભાઈ ભાભોર (રહે.,દુબઈ ટેકરી, ભરૂચ) પાસેથી સેન્ટિંગની પ્લેટો ઉછીની લીધી હતી. કામ પૂર્ણ ન થવાને કારણે આ પ્લેટો પરત કરવામાં વિલંબ થયો હતો, જે બાબતની અદાવત આરોપી મુકેશ ભાભોરે મનમાં રાખી હતી. તા.14/01/2026 ના રોજ બપોરે 4 વાગ્યાના સુમારે આરોપી મુકેશ ભાભોર પોતાની હ્યુન્ડાઈ ક્રેટા ગાડી નં.(GJ16-CH-5266) લઈને ફરિયાદીના ઘરે પહોંચ્યો હતો. ત્યાં પ્લેટો બાબતે ગાળાગાળી કરી તાત્કાલિક પરત આપવા દબાણ કર્યું હતું. ફરિયાદી કમલેશભાઈએ પ્લેટો 2 દિવસમાં આપી દેવાની ખાતરી આપી હોવા છતાં, આરોપીએ ઉશ્કેરાઈ જઈ ઢીકાપાટુનો માર માર્યો હતો. આ ઝપાઝપી દરમિયાન આરોપીએ પોતાના હાથમાં પહેરેલું કડું કમલેશભાઈના માથાના ભાગે જોરથી મારતા તેમને લોહીલુહાણ ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત કમલેશભાઈને રિક્ષા મારફતે ભરૂચની રંગૂન હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
IDFC FIRST Bank
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)-
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031.
ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ-2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચેના ઋણધારકો અને સહ-ઋણ લેનારાઓએ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે) પાસેથી નીચે જણાવેલ સુરક્ષિત લોનનો લાભ લીધો છે અને તેમની સંબંધિત મિલકતોના મોર્ગેજ દ્વારા સુરક્ષિત કરવામાં આવી છે. તેઓ સંબંધિત લોન કરારોના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હોવાથી અને અનિયમિત થઈ ગયા હોવાથી તેમની લોનને આરબીઆઇની માર્ગદર્શિકા અનુસાર NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી. આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને તેમના દ્વારા બાકી રકમનો ઉલ્લેખ સંબંધિત નોટિસો અનુસાર કરવામાં આવ્યો છે, જેનો ખાસ કરીને નીચેના કોષ્ટકમાં વર્ણન કરવામાં આવ્યું છે અને ઉક્ત રકમો પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તેમની પાસેથી તેના પર સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

ક્રમ નં.	લોન એકાઉન્ટ નં.	લોનનો પ્રકાર	ઉધાર લેનારાઓ અને સહ-ઉધાર લેનારાઓના નામ	કલમ 13 (2) નોટિસ તારીખ	કલમ 13 (2) નોટિસ મુજબ બાકી રકમ
1	20468084	હોમ લોન	૧. સુધીર દુબે ૨. દીપશિખા દુબે	30.12.2025	INR 6,41,064.49/-

મિલકતનું સરનામું: પ્લોટ નં. ૧૩૯ના બધા ટુકડા અને પાર્સલ, ૪૦.૦૮ ચોરસ મીટર માપવા સાથે, ૨૭.૨૮ ચોરસ મીટર, રોડ અને સી.ઓ.પી. ની જમીનમાં અવિભાજિત હિસ્સો, કુલ ૬૭.૩૬ ચોરસ મીટર માપન, "સ્કાય વિલા"માં, રેવન્યુ સર્વે નં. ૨૯૦, બ્લોક નં. ૪૪૬, મોજે ગામ ખાતે સ્થિતઃ સ્યાદલા, તાલુકોઃ ઓલપાડ, જિલ્લોઃ સુરત, ગુજરાત-૩૯૪૪૪૦ અને સીમા નીચે મુજબઃ પૂર્વઃ પ્લોટ નં. ૧૩૪, પશ્ચિમઃ સોસાયટી ઇન્ટરનલ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. ૧૩૮, દક્ષિણઃ પ્લોટ નં. ૧૪૦.

આથી તમને ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ને બાકી રકમની ચુકવણી તેમની સંબંધિત તારીખોથી વ્યાજના કરાર દર સાથે અને અન્ય ખર્ચ, શુલ્ક વગેરે આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર કરવા આહ્વાન કરવામાં આવે છે. આમ કરવામાં જો નિષ્ફળ જાય તો નીચે હસ્તાક્ષર કરનારને ગીરો મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ, આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાય છે)ની લેણી રકમ વસૂલવા માટે ઉપર ઉલ્લેખિત સંપત્તિઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે બાધ્ય કરવામાં આવશે. વધુમાં તમને ઉપરોક્ત અધિનિયમની